## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




દિવાળીનાં વેકેશનમાં ક્યાંય જવાનું નથી... હવે, બિડેન ચૂંટાય અને અમદાવાદમાં 'નમસ્તે - બિડેન' કાર્યક્રમ થશે તે જોવા જઈશું...!!

# બોરીજમાં પાણીની સમસ્યાને લઈ કોંગી કાઉન્સીલરે તંત્રને પત્ર પાઠવ્યો..!

### બોરીજમાં બનાવાયેલ નવીન ટાંકીનું લોકાર્પણ ન થતાં તે વણવપરાયેલી પડી રહી છે : લલીતાબેન

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના સાબરમતીના કિનારે આવેલ બોરીજ ગામમાં જ પાણીની વિકટ સમસ્યા ઉભી થવા પામી છે. ગ્રામજનોની મુશ્કેલીના નિવારણ માટે નવી ટાંકી બનાવવામાં આવી છે પણ લોકાર્પણ માટે સરકાર પાસે સમયના અભાવે ઉપયોગમાં લેવાતી નથી ત્યારે ગ્રામજનોની મુશ્કેલીનો ઉકેલ તાત્કાલિક આવે તે માટે કોંગી કાઉન્સીલર લલિતાબેન ઠાકોરે કાર્યપાલક ઈજનેરને પત્ર લખી માંગ કરી છે.

લલીતાબેન ઠાકોરે જણાવ્યુ છે કે પ્રજાના પ્રશ્નો ઉકેલવામાં તંત્ર દ્વારા ઉદાસીનતા દાખવવામાં આવે છે ત્યારે અંગત રસ લઈ આ પ્રશ્નનું નિરાકરણ ઝડપથી આવે તે માટે તેમણે લેખિતમાં રજુઆત કરી છે. ખાસ કરીને શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો માટે તંત્રની ઉદાસીનતા અસહ્ય છે. તેમણે આ સમસ્યાને ગંભીરતાથી લઈ તંત્ર સકારાત્મક વલણ અપનાવશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવિષ્ટ વોર્ડ નં. ૨ માં બોરીજ ગામમાં આવેલ ખાંટ વાસમાં તથા બોરીજ નવાપરામાં છેલ્લા ઘણા સમયથી પાણી બિલકુલ નહીવત ફોર્સથી આવે છે. જેથી વસાહતીઓને જીવન જરૂરિયાત માટે તથા પીવાના પાણી માટે ખુબ જ સમસ્યા સર્જાય છે, પીવાનું પાણી પણ પુરતુ ભરી શકાતુ નથી. પાણીની વારંવાર આ સમસ્યા ઉભી થાય છે. આ અંગે ગ્રામજનોની રજૂઆત અન્વયે અમો દ્વારા વારંવાર મૌખિક રજૂઆત કરવામાં આવે છે, પરંતુ કોઈ જ નિરાકરણ આવતુ નથી. બોરીજ ગામમાં પાણીની ઓવરહેડ ટાંકી ઘણા સમયથી બનીને તૈયાર છે, પરંતુ હજુ સુધી આ ટાંકી ચાલુ કરવામાં આવી નથી. તથા મંત્રી વિસ્તારમાં આવેલ બોરમાંથી બોરીજ નવાપરામાં પાણી આપવામાં આવે છે, જેમાં આ બોરની મોટર બગડતા નવી મોટર ઓછા હોર્સપાવર વાળી નાખવામાં આવી છે, જેથી બિલકુલ પાણી આવતુ નથી, ગ્રામજનો પાણીની સમસ્યાથી ખુબ જ ત્રસ્ત છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક લાખથી વધુ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. સોલંકીએ કહ્યું છે.
- દારૂખાના માટે ૧૪૯ જેટલા વેપારીઓએ લાયસન્સ અને દુકાન ફાળવવા માટે અરજી કરી છે.
- ગાંધીનગર શહેરમાં દિવાળીના પર્વનો માહોલ હજુ જામતો નથી લોકો ઉજવણીને લઈ દ્વિધામાં છે.
- કલોલના પ્રાંત અધિકારી ભરતભાઈ જોશીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં કોરોનાને લઈ અત્યાર સુધીમાં ૪૦ હજારથી વધુ ટેસ્ટ કરવામાં આવ્યા છે.
- શહેર-જિલ્લામાં કોરોનાનો રિકવરી રેટ ૮૫ ટકાથી વધુ નોંધાયો છે.
- જી.પી.એસ.સી. દ્વારા ૧૨૦૦ જેટલી જગ્યાઓની ભરતી માટેનું કેલેન્ડર આજે જાહેર કરવામાં આવ્યુ છે.

# આજથી 'નીફ્ટ' ખાતે શિલ્પ મેળા-૨૦૨૦નો પ્રારંભ

### સવારે ૧૦ થી ૬ દરમિયાન હસ્તકળા અને હાથવણાટની ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં ફેશન ટેકનોલોજી ક્ષેત્રે જાણીતી સંસ્થા 'નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફેશન ટેકનોલોજી-નીફ્ટ' દ્વારા તારા ૬ઠ્ઠી નવેમ્બરથી તા. ૮મી નવેમ્બર સુધી દરરોજ સવારે ૧૦ થી સાંજના ૬ કલાક સુધી 'શિલ્પ મેળા-૨૦૨૦'નું આયોજન કરવામાં આવ્યું છે. આ શિલ્પ મેળામાં સંસ્થા દ્વારા વિવિધ કલાઓને પ્રોત્સાહન આપવાના હેતુથી પ્રદર્શન અને સીધા વેચાણની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત કળા અને કારીગરી ક્ષેત્રે સમૃધ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસો ધરાવે છે જેમાં હસ્તકળા અને કારીગરી એક માત્ર શ્રેણી છે જેનો ઉદભવ પ્રાદેશિક, સામાજિક અને સાંસ્કૃતિક રંગથી થયો છે. આજે હસ્તકળાના આભૂષણો ગ્રામ્ય વિસ્તારના ઝૂંપડાથી લાંબી સફર ખેડીને ઉચ્ચ કક્ષાના ગૃહો તથા વિદેશોમાં ઉચ્ચ શ્રેણીની હોટેલ્સ તથા ગૃહોના શણગારમાં સ્થાન પામ્યા છે.

નીફ્ટ દ્વારા કારીગરોના ઉત્થાન માટે ગ્રામ્ય વિસ્તારોમાં હસ્તકળા અને હાથ વણાટના વિકાસ હેતુસર ડિઝાઈન ડેવલપમેન્ટ, ટેકનોલોજીકલ અપગ્રેડેશન અને કૌશલ્ય વિકાસ માટે કલ્સટર ડેવલપમેન્ટમાં મોટી પરેલ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત તા. ૬ થી ૮ દરમિયાન 'શિલ્પ મેળા-૨૦૨૦'નું આયોજન હાથ ધરાયું છે. જે રાજયના પ્રાદેશિક ઉત્પાદનો, કારીગરો, ડિજીટલ ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહિત કરશે.

#### 'શિલ્પ મેળા-૨૦૨૦'માં શું મળશે ?

નીફ્ટ દ્વારા આયોજિત 'શિલ્પ મેળા-૨૦૨૦'માં માતાની પછેડી, આશાવલી બ્રોકેડ, આપ્પલીક, બીડવર્ક, અગારે, પેપર મેશે, જરદોશી, આરી ભરત, પપેટ મેકીંગ, મેટલ ક્રાફટ, મીના, પતરાવર્ક વગેરેનું પ્રદર્શન તથા સીધું વેચાણ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તહેવારોના શુભ સમયે આ મેળો 'વોકલ ફોર હેન્ડમેડ'ને પ્રોત્સાહન આપશે.

## આજે હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડસના કાર્યાલયના શુભારંભ સાથે હોદ્દેદારોની વરણી

કેન્દ્ર સરકારના યુવા પ્રવૃત્તિઓના મંત્રાલય દ્વારા સંચાલિત હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડસ એસોસિએશન દ્વારા સંસ્થાની પ્રવૃત્તિઓને વેગ આપી કાર્યક્ષેત્રના વિસ્તરણ હેતુસર ગુજરાત રાજયના ગાંધીનગર જિલ્લાના હોદ્દેદારોની નિમણુંકનો કાર્યક્રમ તા. ૬ઠ્ઠી નવેમ્બર સાંજે ૫.૩૦ કલાકે કુડાસણ ખાતે યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડસ એસોસિએશનના મુખ્ય કમિશ્નર એડીજીપી અનિલ પ્રથમ મુખ્ય અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેશે. ગુજરાતમાં હિન્દુસ્તાન સ્કાઉટ અન્ડ ગાઈડ એસોસિએશનના પ્રમુખપદે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા છે અને એડીજીપી અનિલ પ્રથમ મુખ્ય કમિશનર છે. આ કાર્યક્રમમાં અનિલ પ્રથમના હસ્તે સંસ્થાના ગાંધીનગર જિલ્લા વહીવટી કાર્યાલયનું ઉદઘાટન પણ કરવામાં આવશે અને તે સાથે નિયુકત કરવામાં આવેલ હોદ્દેદારોને નિમણુંક પત્ર પણ એનાયત કરાશે.



ગાંધીનગરમાં સ્ટ્રીટલાઈટના નવા થાંભલા નાંખવામાં આવી રહ્યા છે. સોલાર લાઈટના આ નવા થાંભલા નાંખવાની કામગીરીમાં જૂના થાંભલા કાઢીને ફૂટપાથ પર રાખવામાં આવ્યા છે. ઘણા દિવસોથી ફૂટપાથ પર પડેલા આ થાંભલાઓની પેનલ ચોરાઈ જવાનો ભય છે.

# પેટાચૂંટણીની મતગણતરી માટે ૮ સ્થળો જાહેર કરાયા

ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી આઠ બેઠક માટે ૩ નવેમ્બરે સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન યોજાયું હતું. તમામ ૮ બેઠક પર કુલ સરેરાશ ૫૮ મતદાન થયું હતું. ત્યારે હવે મત ગણતરીની તૈયારીઓ ચૂંટણી પંચે શરૂ કરી છે અને મત ગણતરીના સ્થળોની જાહેરાત કરી છે. જેમાં જે આઠ બેઠકોની પેટાચૂંટણી થઈ છે તે પૈકીની ૪ જગ્યાએ સ્થાનિક કક્ષાએ અને ૪ સ્થળોએ જિલ્લા કક્ષાએ મતગણતરી થશે.

| બેઠક | મત ગણતરી |
|---|---|
| અબડાસા | ગર્વન્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ ભુજ |
| લીંબડી | એમ પી શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ સુરેન્દ્રનગર |
| મોરબી | ગર્વન્મેન્ટ પોલિટેક્નિક કોલેજ મોરબી |
| ધારી | શ્રી યોગીજી મહારાજ મહિલા કોલેજ, ધારી |
| ગઢડા | ભક્તરાજ દાદા ખાચર કોલેજ,ગઢડા |
| કરજણ | પોલિટેક્નિક કોલેજ શાસ્ત્રીબ્રિજ પાસે સયાજીગંજ, વડોદરા |
| ડાંગ | ગર્વન્મેન્ટ સાયન્સ કોલેજ આહવા |
| કપરાડા | ગર્વન્મેન્ટ આર્ટ્સ કોલેજ કપરાડા |

# શિક્ષિકાના ગળામાંથી ઠગ ટોળકી એક લાખનો દોરો સેરવી ગયા

ગાંધીનગર, તા.૫

અડાલજ થી બસમાં ચઢવા જતા મહિલાના ગળામાંથી એક લાખનો સોનાનો દોરો ઠગ ટોળકીએ સેરલી લીધો હતો. સોનગઢ થી પાટણ તરફ જતી બસમાં આ બનાવ બન્યો હતો. મહિલા વારાહી ખાતે શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. અમદાવાદ કામઅર્થે આવેલા મહિલા પરત જઈ રહ્યા હતા તે સમયે આ બનાવ બન્યો હતો. જેને પગલે મહિલાએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સોનગઢ - પાટણ રૂટની બસમાં અડાલજ થી બસમાં બેસેલા વારાહીના શિક્ષિકા ના ગળામાંથી ગઠીયા રૂ.૧ લાખની કિંમતનો દોરો સેરવી ગયા હતા. વારાહી સાર્વજનિક ઉચ્ચતર અને માધ્યમિક શાળા ખાતે શિક્ષિકા તરીકે ગીતાબેન પુરૂષોતમ દાસ ઠકકર ફરજ બજાવી રહ્યા છે. મંગળવારના રોજ તેઓ શાળાના કામઅર્થે હાઈકોર્ટના વકીલને મળવા માટે આવ્યા હતા. જયાંથી કામ પૂર્ણ કરીને તેઓ વસ્ત્રાપુર સંબંધીને મળીને અડાલજ ખાતે પરત આવ્યા હતા. જયારે પાટણ જવા માટે બસની રાહ જોઈને ઉભા હતા તે સમયે બપોરના ત્રણ વાગ્યાના અરસામાં સોનગઢ-પાટણ બસ આવતા તેઓ બસમાં બેઠા હતા. આ સમયે ચાર-પાંચ છોકરા બસમાં ચઢવા માટે ધક્કામુકી કરતા હતા. બસમાં બેઠેલા શિક્ષિકાને પોતાના ગળામાં પહેરેલી અઢી તોલાની સોનાની ચેઈન ન હતી. જેથી તેઓ બસમાં અને નીચે ઉતરીને જોયુ તો અંદાજી ૧૮ થી ૨૦ વર્ષના યુવાનો દેખાયા ન હતા. ઘરે માતા એકલા રહેતા હોવાથી શિક્ષિકા બસમાં બેસીને ઘરે જવા માટે નીકળી ગયા હતા. માર્ગમાં તેઓએ ૧૦૦ નંબર ડાયલ કરીને બસમાં ચઢતા સમયે ચોરી થયેલી સોનાની ચેઈન અંગે જાણ કરી હતી. જેથી પાટણ સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન દ્વારા શિક્ષકાની ફરીયાદ લઈને અડાલજ પોલીસને ટ્રાન્સફર કરી હતી. આ સમગ્ર ઘઠના અંગે અડાલજ પોલીસે ચોકડી નજીક આવેલા એસટી પીકઅપ સ્ટેન્ડની નજીકના વિસ્તાર અને નાગરીકોની પુછતાછ શરુ કરી છે

### અમદાવાદ-પીરાણાની આગના બનાવની ઘટના અંગે

# ૧૩મીએ રાજ્ય સરકારને રિપોર્ટ સુપ્રત કરાશે : વિપુલ મિત્રા

### શહેરમાં પરવાનગી વગરના વેરહાઉસો અને તેમા થયેલાં ગેરકાયદેસર બાંધકામોની સત્વરે તપાસ અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા કરાશે

ગાંધીનગર, તા. ૫

શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રાએ જણાવ્યું છે કે અમદાવાદ શહેરના પીરાણા ખાતે બનેલ આગની દૂર્ભાગ્યપૂર્ણ ઘટના અંગેનો તપાસ અહેવાલ આગામી ૧૩મી નવેમ્બરે રાજ્ય સરકારને સુપ્રત કરાશે.

મિત્રાએ ઉમેર્યું કે અમદાવાદ શહેરમાં આવેલાં આવા ગોડાઉનો-વેર હાઉસો કે જે પરવાનગી વગરના હોઈ અને એમાં ગેરકાયદેસર રીતે બાંધકામ થયું હોય એની સંપૂર્ણ તપાસ ખાસ ઝુંબેશ થકી અમદાવાદ કોર્પોરેશન દ્વારા સત્વરે કરાશે. રાજ્યના અન્ય કોર્પોરેશન વિસ્તારોમાં પણ આવી ઝુંબેશ કરીને ચકાસણી કરવામાં આવશે જેથી કરીને ભવિષ્યમાં આવી ઘટનાઓ બને નહીં. તેમણે કહ્યું કે પીરાણાની ઘટનામાં ભોગ બનનારા મૃતકોને રાજ્ય સરકાર દ્વારા જે સહાય જાહેર કરાઈ છે તે તેમના પરિવારજનોને સત્વરે પહોંચાડવામાં આવશે.

# પતિ-પત્નિના ઝઘડામાં ઠપકો આપવા ગયેલા સાઢુને માર મારી મોતની ધમકી આપતા ફરીયાદ

ગાંધીનગર, તા.૫

શહેરમાં એક અજીબ પ્રકારનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં પતિ-પત્નિના ઝઘડામાં ઠપકો આપવા ગયેલા સાઢુને લાફો ઝીકીને ફેંટ પકડીને ગડદા પાટુનો માર મારી મોતની ધમકી આપતા પોલીસ ફરીયાદ થઈ છે.

મળતી માહિતી મુજબ સેકટર-૩ ડી ખાતે રહેતા બિપિનકુમાર ઘનશ્યામભાઈ જણસારી (પ્લોટ નં.૩૦૭-૧)ના કહેવા મુજબ તેમના મોટાસાળી સેજલબેન સેકટર-૭ બી પ્લોટ નં.૫૦૦-૨ ખાતે રહે છે. સેજલબેને અઠવાડીયા પહેલા પતિ રાજેન્દ્ર રમણભાઈ પટેલ સામે ફરીયાદ આપી છે. અઠવાડીયાથી ફરીયાદી સાઢુ રાજેન્દ્રભાઈ ઘર આગળ આંટા મારતા હતા. બુધવારે સાંજે સાત વાગ્યાના અરસામાં ફરીયાદી પત્ની સાથે સેકટર-૨૧ ખાતે જવા માટે નીકળ્યા હતા.માર્ગમાં સેકટર-૭બી પાસેથી નીકળતા સાળી સેજલબેનના ઘર પાસે સાઢુ રાજેન્દ્રભાઈ જોવા મળ્યા હતા. જેથી ફરીયાદીએ ત્યાં જઈને સાઢું તને આવવાનું ના કહ્યું છે તેમ છતા અહીંયા કેમ આવે છે. પુછતા તેમણે હું મારા ઘરને જોવા માટે આવુ છુ કહ્યું હતું. છેલ્લા ઘણા સમયથી ન આવતા સાઢુને કેસ પછી જ કેમ આવે છે તેમ કહેતા ઉશ્કેરાઈ ગયા હતા. આરોપીએ મારી પત્ની છે તારે શુ કહીને ગાળો બોલીને લાફો મારી દીધો હતો. ત્યારબાદ ફરીયાદીની ફેંટ પકડીને નીચે પાડી દઈને ગડદાપાટુનો માર માર્યો હતો. આરોપીએ મારી અને મારી પત્નીની મેટરમાં આવીશ તો જાનથી મારી નાંખીશ કહી ફરીયાદીને ધમકી આપી હતી. જેથી ફરીયાદી બિપિનકુમાર જણસારીએ સાઢુ રાજેન્દ્રભાઈ પટેલ સામે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

# રાજ્ય પોલીસ દળમાં ૧૨૯૮૮ ભરતી સીધી ગૃહ વિભાગ કરશે

### ગુજરાત સરકાર દ્વારા નિર્ણય કરાયો : ગૌણ સેવા પસંદગી મંડળ ભરતી ન કરે તો કૌભાંડો અટકશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત સરકાર દ્વારા ગુજરાતની સરકારી ભરતીઓને લઈને પણ લેવાયો છે. અનેક વિવાદો અને પરીક્ષાઓમાં ગેરરીતિઓ બાદ હવે નિર્ણય લેવાયો છે કે, રાજયનાં પોલીસદળની ભરતીઓ રાજયનો ગૃહ વિભાગ જાતે કરશે. તેમાં બિનહથિયારધારી પીએસઆઈ, એએસઆઈ, કોન્સ્ટેબલ.. ઈન્ટેલિજન્સ ઓફિસર, હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલ વગેરે વર્ગ ૩નાં કર્મચારીઓનો સમાવેશ થાય છે.

હવે આ ભરતીઓ ગૌણ સેવા પસંદગી મંડળ નહીં કરે. પોલીસદળની ૧૨ હજાર ૯૮૮ જગ્યાની ભરતીઓ હવે સીધી જ ગૃહવિભાગ દ્વારા કરાશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી સમિતિ દ્વારા છેલ્લા કેટલાક સમયથી લેવાતી પરીક્ષાઓ, પરિણામ, નિમણૂંક અને ભરતી જેવા મુદ્દાઓને લઈને અનેક વિવાદો અને આંદોલનો થતાં હતાં તેને લઈને હવે આ નિર્ણય લેવાયો છે. જો કે, ભરતી પ્રક્રિયા તો એ જ રહેશે. પણ ભરતીમાં થતાં કૌભાંડો અટકશે એવું મનાઈ રહ્યું છે.

બીજી તરફ તમે સ્નાતક થયેલા છો. ડીગ્રી ધરાવો છો અને તમારે કોઈ સરકારી બેંકમાં અથવા તો સરકારી ઓફિસમાં પટાવાળાની નોકરી કરવી છે. તો તમે નહીં કરી શકો. સુપ્રીમ કોર્ટે એક મહત્વનો ચૂકાદો આપતા કહ્યું કે, પટાવાળાનાં પદ માટે સ્નાતકની જરૂર નથી.

ગુજરાત સહિત દેશભરમાં એક સરકારની નોકરીની જાહેરાત બહાર પડે અને હજારો લોકો તેની માટે અરજી કરે છે. શિક્ષિતોની બેરોજગારીનો આલમ એ છે કે પટાવાળાની નોકરી માટે પણ સ્નાતકો અને ડબલ ગ્રેજ્યુએટ્સ અરજી કરે છે. પણ સુપ્રીમ કોર્ટ કહી દીધું છે કે, ઓછી લાયકાતવાળાની જરૂર હોય તેવી નોકરી વધુ લાયકાતવાળા કરી શકશે નહીં. એટલે ગ્રેજ્યુએટ થયેલો વ્યક્તિ બાર પાસવાળી પટાવાળાની નોકરી કરી સકશે નહીં. સુપ્રિમ કોર્ટે ઓડિશાનાં એક કેસમાં ચુકાદો આપતા પંજાબ નેશનલ બેંકનાં એક પટાવાળાની સેવાઓ સમાપ્ત કરવાનો આદેશ કર્યો છે.

કેમ કે, બાર પાસની જરૂર હોય તે નોકરીમાં આ વ્યક્તિએ સ્નાતક થઈને નોકરી લીધી હતી. તેણે માત્ર પોતાની ૧૨માં ધોરણની ડીગ્રી રજૂ કરી હતી અને સ્નાતકનું સર્ટિફિકેટ છુપાવ્યું હતું. ત્યારે સુપ્રીમ કોર્ટે એ દલીલનો અસ્વીકાર કર્યો કે વધારે યોગ્યતા એ અયોગ્યતાનો આધાર ન હોઈ શકે. સુપ્રીમ કોર્ટે બેંકની અરજી પણ ચૂકાદો આપતા કહ્યું કે, બેંકે પોતાની જાહેરાતમાં સ્પષ્ટ લખ્યું હતું કે, ઉમેદવાર સ્નાતક ન હોવો જોઈએ. પણ જ્યારે એક સ્નાતક વ્યક્તિ પટાવાળાની ૧૨ પાસની ડીગ્રી પર નોકરી કરવા તૈયાર થાય છે ત્યારે બેરોજગારીનું દેશમાં શું સ્તર છે.

# છૂટક શ્રમિક તરીકે ગુજરાન ચાલવતા સગર્ભા શીલાબેન નિનામાની મદદે આવી ગુજરાત સરકાર

ગાંધીનગર, તા. ૫

અણીના સમયે મળેલી મદદનો ઉપકાર જીવનપર્યંત ભૂલાતો નથી. એમાંય જો તમને કોઈ શારીરિક તકલીફ થઈ હોય અને તેવા સમયે બનેલા મદદગાર દેવદૂતસમાન લાગે છે. આવું જ કંઈક દાહોદ જિલ્લાના ખરોદા ગામમાં રહેતા શીલાબેન પપ્પુભાઈ નિનામા સાથે બન્યું છે. તેમના માટે સીએમ ડેશ બોર્ડ હમદર્દ બન્યું અને આ ઘટના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વની રાજ્ય સરકારની સંવેદનશીલતાની પરિચાયક બની.

મૂળ વાત એમ છે કે થોડા દિવસો પૂર્વે શીલાબેન તેમના પતિ સાથે મુસાફરી કરતા હતા. સાતમો માસ જતો હતો પણ, આ સામાજિક પ્રવાસ ટાળી શકાય એવો નહોતો. એટલે નાછૂટકે જવું પડ્યું. હવે થયું એવું કે આ પ્રવાસના કારણે તેમને દુઃખાવો ઉપડ્યો. તેમને તાત્કાલીક દવાખાને ખસેડવા પડ્યા. ડોક્ટરે તેમની સ્થિતિને ધ્યાને રાખી દવા તો આપી પણ, ગર્ભાવસ્થા હોવાથી વધુ તપાસ કરવા માટે સોનોગ્રાફી કરાવવાની સલાહ આપી. સોનોગ્રાફી કરવી ખૂબ જ જરૂરી હતી.

તેઓ દાહોદ સ્થિત ઝાયડ્સ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં સોનોગ્રાફી કરાવવા માટે ગયા તો ત્યાં બે દિવસ પછી વારો આવે એમ હતો. એટલે શીલાબેનને રડમસ ચહેરે ઘરે પરત આવવું પડ્યું.

હવે થયું એવું કે શીલાબેનને સોનોગ્રાફી કરાવવાની વાત સીએમ ડેશ બોર્ડના માધ્યમથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના કાર્યાલયના ધ્યાને આવી. આરોગ્ય સેવાને સુદ્રઢ બનાવવા માટે સતત પ્રયત્નશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આવી બાબત તુરંત સંલગ્ન તંત્રને ધ્યાને લાવવા સૂચના આપી છે. એથી ઝાયડ્સ હોસ્પિટલમાં ગાંધીનગરથી ફોન આવ્યો અને શીલાબેનની તુરંત સોનોગ્રાફી કરવાની સૂચના આપવામાં આવી. શીલાબેનને હોસ્પિટલે બોલાવવામાં આવ્યા અને તેની સોનોગ્રાફી કરાવવામાં આવી. સીએમ ડેશ બોર્ડ તેમના માટે હમદર્દ બન્યું. સાથે, સરકારના ખર્ચે સારવાર પણ કરાવવામાં આવી. જેમાં આયર્નની ગોળી સહિતની દવાઓ પણ આપવામાં આવી.

શીલાબેન કહે છે કે તેમને સપનેય ખ્યાલ નહોતો કે અમારા પર ગાંધીનગરથી ફોન આવશે અને તુરંત સોનોગ્રાફી કરાવવામાં આવશે. મારી આવી દરકાર રાખવા બદલ હું મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું.

# ફેફસાનું પત્યાર્પણ શક્ય બને તે માટે માળખું વિકસાવાશે

ગાંધીનગર, તા. ૬

નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે જણાવ્યું છે કે, રક્તદાન કરવા અંગે ઉત્સાહ અને જાગૃતિ ગુજરાતીઓમાં વધારે છે. ૫૦ બોટલ રક્તની જરૂરિયાત સામે ૫૦૦ બોટલ રક્ત એકત્રિત કરી આપનારા ગુજરાતમાં કોઈ દર્દી રક્તના અભાવે જીવન ન ગુમાવે તે આપણું લક્ષ્ય છે. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી-ગુજરાત શાખાના સન્માન સમારોહ પ્રસંગે શ્રી નિતીનભાઈએ જણાવ્યું કે, ગુજરાત રાજ્ય રક્તદાનમાં દેશભરમાં પ્રથમ છે. ઉપરાંત અંગદાન અને અંગ-પ્રત્યારોપણમાં પણ ગુજરાત મોખરે છે. કિડની ઈન્સ્ટીટયૂટમાં ભારતના સર્વાધિક કિડની ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન થાય છે. હાલમાં જ અમદાવાદમાં બાળહૃદયરોગની હોસ્પિટલનું લોકાર્પણ વડાપ્રધાનના હસ્તે થયું. જેથી રાજ્યમાં હવે નાના બાળકથી લઈને વયોવૃદ્ધ માટે હૃદય પ્રત્યારોપણની સુવિધા અને તેનું આંતરમાળખું સુદ્રઢ બનશે. તેમણે વધુમાં કહ્યું કે, કોરોનાકાળમાં ફેફસાના સંક્રમણ અને અન્ય જટિલતાઓ સામે આવતા ઘણા કિસ્સામાં ફેફસાના પ્રત્યાર્પણની પણ આવશ્યકતા ઉભી થઈ હતી. આવનારા દિવસોમાં ગુજરાતમાં ફેફસાના પ્રત્યાર્પણ શક્ય બને તે માટે આરોગ્ય વિભાગ માળખું વિકસાવી રહ્યું છે. નિતીન પટેલે કહ્યું કે, સિકલસેલ એનેમીયા અને થેલેસેમિયાના દર્દીઓની ઓળખ તથા સારવારના ક્ષેત્રે રેડક્રોસ સોસાયટીની કામગીરી સર્વોત્તમ છે. હોસ્પિટલની વધે, તબીબી સુવિધાઓ વધે ત્યારે રક્તની જરૂરિયાત પણ વધે છે. આવા સમયે રેડક્રોસ સોસાયટીનું યોગદાન અભૂતપૂર્વ રહ્યું છે. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા શ્રેષ્ઠ કાર્યશૈલીને કારણે દેશમાં પ્રથમ અને અમદાવાદ જિલ્લા શાખા રક્ત એકત્રીકરણ બાબતે દેશમાં પ્રથમ ક્રમાંકે આવી છે. ગુજરાત શાખાના ચેરમેન ડો. ભાવેશ આચાર્યને વર્ષ ૨૦૧૬-૧૭ માટે સુવર્ણચંદ્રક એનાયત થયો છે.

નિતીન પટેલે પારિતોષિક વિજેતાઓને સન્માનતા કહ્યું કે, સમગ્ર ગુજરાતના લાખો રક્તદાતાઓ માટે આજે આનંદનો અવસર છે. માનવજીવન બચાવવા માટે અમૂલ્ય સેવાનું કામ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને ગુજરાતના લોકોએ કર્યું છે તેને બિરદાવવાનો આજે આ પ્રસંગ છે. રાજ્યની વિવિધ રેડક્રોસ શાખાઓને રાષ્ટ્રીય કક્ષાનું સન્માન મળ્યું છે તે આપણા માટે ગૌરવની વાત છે. રાજ્યના આરોગ્ય મંત્રી અને રેડક્રોસ સોસાયટીના ઉપપ્રમુખ તરીકે મારો આનંદ બેવડાયો છે.

**દહેગામ નગરપાલિકા, જી. ગાંધીનગર**
ફોન (૦૨૭૧૬ ૨૩૨૩૭૫)
**જાહેર સુચના**
દહેગામ નગરપાલિકા દ્વારા ODF++ જાહેર કરવા સારું નગરપાલિકાના વૉર્ડ કાઉન્સીલર, વૉર્ડ સર્કલ ઈન્ચાર્જ તેમજ નાગરિક સમુહના પ્રતિનિધિઓના ઘોષણાપત્ર મેળવવામાં આવેલ છે. તેમજ દહેગામ નગરપાલિકા વિસ્તારને ODF++ જાહેર કરવા સારુ ઠરાવ કરવામાં આવેલ છે. સદર બાબતે દહેગામ નગરપાલિકા વિસ્તારને ODF++ જાહેર કરવા પ્રતિભાવ / મુદ્દાઓ / સુચનો દિન-૧૫ (પંદર)માં દહેગામ નગરપાલિકા કચેરીએ લેખિતમાં રજૂઆત કરવા વિનંતી છે.
તા.
સ્થળ : દહેગામ
રૂદ્રેશભાઈ જે. હુદડ, ચીફ ઓફીસર
બીમલભાઈ પી. અમીન, પ્રમુખ
મૌલિકભાઈ કે. દવે, ચેરમેન. કારોબારી સમિતિ,
ગીતાબેન એન. રાઠોડ, ઉપપ્રમુખ
માહિતી/૧૨૨૧/૨૦-૨૧